R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 20•ISSUE: 47 DATE: 19-11-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## સંસદ પરિસરમાં પત્રકારોની કામગીરી પર લગામ લગાવવાનો પ્રયાસ

સંસદનું શિયાળુ સત્ર શરુ થઈ રહ્યુ છે.ત્યાં લોકસભા સચિવાલય દ્વારા પત્રકારોને નવા નિર્દેશો આપવામાં આવ્યા છે. આ નિર્દેશ પ્રમાણે પત્રકારો હવે સંસદ પરિસરમાં મંત્રીઓ કે નેતાઓ સિવાય કોઈનો પણ ઈન્ટરવ્યુ નહી લઈ શકે અથવા તો તેની તસવીરો પણ નહીં લઈ શકે. તેમાં એવુ પણ જણાવાયું છે કે પત્રકારોને સંસદની પરિસરમાં દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ કે બંગાળના મુખ્યમંત્રી મમતા દેખાશે તો પણ તેઓ તેમની સાથે વાત નહીં કરી શકે.તેઓ તેમનું અભિવાદન પણ નહી કરી શકે તેઓ તસવીરો પણ નહીં ખેંચી શકે. આ નિયમનું પાલન ન કરનારા પત્રકારોને લોકસભા સચિવાલય દ્વારા બે દિવસ માટે સંસદનું રિપોર્ટીંગ કરવામાંથી સસ્પેન્ડ કરી દેવાશે.લોકસભા સચિવાલયના પ્રેસ અને પીઆર વિંગ દ્વારા પત્રકારોને આ અંગેની ગાઈડલાઈન્સ આપવામાં આવી છે.હવે પત્રકારોએ જોવાનું રહે છે કે તેમણે આવી કડકાઈ સામે એકજુટ થઈને સરકારને કેવો જવાબ આપવો જોઈએ

## રાજદ અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવે ટ્વીટ કરતાં કહ્યુ કે નોટંકી બંધ કરો, ખેડુત મરી રહ્યો છે

રાજદના અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવે વડાપ્રધાન મોદીના ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ કરવાના નિર્ણયની ટીકા કરતાં ટ્વીટ કર્યુ હતું કે વડાપ્રધાન નોટબંધ કરવાના નિર્ણયને ઐતિહાસિક નિર્ણય ગણાવી રહ્યા છે તો તેમણે તેની સામે આક્રમક તેવર દેખાડતાં ટ્વીટ કર્યા હતા.નૌટંકી બંધ કરો, દેશના ખેડુતો મરી રહ્યા છે. ખેડુતોની ઉપજ પડી રહી છે.તેને ખરીદનાર કોઈ નથી. રવી પાકની વાવણી માટે ખેડુતો પાસે નાણાં નથી.એસી ઓરડામાં બેસીને નીતિઓ બનાવનારાઓ ખેડુતના ખુની બની ગયા છે.વડાપ્રધાન મોદીએ કાળા ધનના મુદ્દે જાહેર સભામાં વિપક્ષ પર કરેલા આકરા પ્રહારોના જવાબમાં લાલુ પ્રસાદે કહ્યુ હતું કે ખેડુત મરી રહ્યો છે.રવી સિઝનની વાવણી કેવી રીતે કરશે. નાણાં વિના બિયારણ અને ખાતર કેવી રીતે ખરીદશે.શું તમારા મુડીપતિ મિત્રો ખેડુતોને બિયારણ ખરીદી આપવાના છે. મોદીના ૫૦ દિવસ બાદ નાગરિકોને ૧૫-૧૫ લાખ નહી મળે તો તેનો અર્થ એ થશે કે મોદીની કાળા નાંણા પરની સર્જીકલ સ્ટ્રાઈક ફર્જીકલ સ્ટ્રાઈક હતી અને આમ જનતાનું બનાવટી એન્કાઉન્ટર થયું છે.

લાલુ પ્રસાદે વડાપ્રધાન મોદીને કેટલાક સવાલો પુછ્યા હતા. જેમાં પુછયું હતું કે વચન પ્રમાણે ૫૦ દિવસ બાદ ખાતામાં ૧૫ લાખ જમા થઈ જશે.૫૦ દિવસ બાદ સરકાર આંકડા જાહેર કરશે કે ખાતામાં નાણાં હોવા છતાં કેટલા લોકો ખોરાક અને સારવારના અભાવે મોતને ભેટ્યા? કતારોમાં ઉભા રહેવાને કારણે દેશના કેટલા અબજનુ નુકશાન થયું. ભ્રષ્ટાચાર નાબુદ કરવો હતો તો ૨૦૦૦ની નોટ કેમ દાખલ કરી ?સરકાર જણાવશે કે લાખો અને કરોડો રુપીયા હજમ કરી જનારા ડિફોલ્ટરો સામે શું કાર્યવાહી થઈ રહી છે. કેટલા ડિફોલ્ટરોના પૈસા સરકારે જતા કર્યા .

## નોટબંધીના મામલે સુપ્રીમ કોર્ટ દ્વારા સરકારની આર્થિક નીતિમાં હસ્તક્ષેપ કરવાની મનાઇ

નોટબંધીના મામલે સુપ્રીમ કોર્ટે રુ.૫૦૦ અને ૧૦૦૦ની નોટ ચલણમાંથી રદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણય સામે મનાઈ હુકમ આપવાનો ઈન્કાર કર્યો હતો.જો કે સુપ્રીમ કોર્ટે જનતાની હાડમારી ઘટાડવા માટે કેવા પગલાં લેવાઈ રહ્યા છે તે જણાવવા માટે સરકારને આદેશ આપ્યો હતો.મુખ્ય ન્યાયમુર્તિ ટી.એસ.ઠાકુર અને ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચુડની બેન્ચે અરજકર્તાઓને સ્પષ્ટ કહ્યુ હતું કે અમે કોઈ પણ પ્રકારનો મનાઈ હુકમ આપવાના નથી.અમે સરકારની આર્થિક નીતિમાં કોઈપણ જાતનો હસ્તક્ષેપ કરવાના નથી.

સુપ્રીમ કોર્ટે સરકારે અપનાવેલા નિર્ણયની પ્રશંસા કરતાં કહ્યુ હતું કે સરકારનું આ પગલું પ્રશંસનીય છે.પરંતુ તેના કારણે જાહેર જનતાને હાડમારી ભોગવવી પડે છે તેનો ઉકેલ શોધવો જોઈએ.સરકાર કાળા નાણાં માટે આર્થિક સર્જીકલ સ્ટ્રાઈક કરી શકે છે.પરંતુ દેશની જનતા સામે સર્જીકલ સ્ટ્રાઈક કરી શકે નહીં.સરકાર ભલે તેના પગલાંને સર્જિકલ સ્ટ્રાઈક કે કાર્પેટ બોમ્બિંગ કહે પરંતુ તેના કારણે સાર્વત્રિક નુંકશાન તો થયું જ છે.આમ આદમીને હાડમારી પડી રહી છે.સરકારે બેન્કમાંથી ઉપાડની મર્યાદા વધારવી જોઈએ.

સરકારે નોટબંધીના મામલે ચાલી રહેલ પીટીશન સામે પોતાનો પ ક્ષ મુકતા કહ્યુ હતું કે આતંકવાદને ભડકાવવા બનાવટી ચલણી નોટોનો ઉપયોગ થતો હતો તેથી સરકારે આ પગલું ભરવું પડ્યું છે. સરકાર બેન્કો,ટપાલ કચેરીઓ અને બે લાખ એટીએમમાં રોકડ પુરી પાડવાનો પ્ર્યાસ કરી રહી છે.મહત્તમ લોકોને નાણાં આપી શકાય તે માટે રોકડ ઉપાડ પર મર્યાદા નક્કી કરાઈ છે.સરકારે કાયદાની મર્યાદામાં રહીને પગલું લીધું છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## કેનેડાના નવા ઇમીગ્રેશનના નિયમોથી ભારતીય વિદ્યાર્થીઓને ફાયદો

કેનેડા દ્વારા ઈમીગ્રેશનના નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે જે હેઠળ ભારતના વિદ્યાર્થીઓ તેમજ ઉચ્ચ કુશળતા ધરાવતા ભારતીયોને ફાયદો થશે.નવા નિયમો મુજબ જે લોકો ઉચ્ચ કુશળતા ધરાવતા હશે તેવા ઈમીગ્રટ્સને પીઆરશીપ આપવાની કામગીરીમાં વધારો કરાશે.આ ઉપરાતં જે વિદ્યાર્થીઓ કેનેડાની સંસ્થાઓમાં ભણીને ગ્રેજ્યુએટ થયા હશે તેઓ સરળતાથી પીઆર મેળવી શકશે.નવા નિયમો ૧૮ નવેમ્બરથી લાગુ કરવામાં આવ્યા છે.કેનેડામાં ભણવા આવતાં વિદેશી વિદ્યાર્થીઓમાં ૧૪ ટકા ભારતીય હોય છે.ચીનનો બીજો નંબર આવે છે.૨૦૦૪-૦૫થી ૨-૦૧૩-૧૪ વચ્ચે કેનેડામાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યામાં ૮૪ ટકા વધારો થયો હતો.દાયકા પહેલાં ૬૬૦૦૦ વિદેશી વિદ્યાર્થીઓ હતા જે દસ વર્ષમાં વધીને ૧,૨૪,૦૦૦ થયા છે.

કેનેડામાં હવે કોમ્પ્રિ હેન્સીવ રેન્કીંગ સિસ્ટમ હેઠળે ક કે બે વર્ષના ડિપ્લોમા કે સર્ટીફીકેટ ધારકને ૧૫ પોઈન્ટ આપવામાં આવશે અને ત્રણ વર્ષ માટે ડીગ્રી કે માસ્ટર ડીગ્રી કે પ્રોફેશનલ ડીગ્રી કે ડોકટરની ડીગ્રી મેળવનાર ડીગ્રી ધારક,ડિપ્લોમાં ધારક કે સર્ટી. ધારકને ૩૦ પોઈન્ટ આપવામાં આવશે.આવા વિદ્યાર્થીઓ એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ હેઠળ પીઆરશીપ મેળવવા લાયક બનશે.

ભારતના વિદ્યાર્થીઓને જે કેટેગરી હેઠળ પ્રવેશ અપાય છે તેમાં વધારો કરાય છે તેથી ભારતીય વિદ્યાર્થીઓ માટે આ આનંદના સમાચાર છે.ભારતીયોને ઈકોનોમીક ક્લાસ કેટેગરીમાં પ્રવેશ અપાય છે. તેમાં ૨૦૧૬માં ૧,૬૦,૦૦૦ લોકોને વિઝા અપાયા હતા જે વધારીને હવે ૧,૭૨,૫૦૦ કરાયા છે.

અમેરીકામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ માટે જાય છે.જેમાં છેલ્લા એક બે વર્ષમાં ૨૫ ટકાનો વધારો થયો છે.આને કારણે અમેરિકાના અર્થતંત્રને ભારતીય વિદ્યાર્થીઓ પાસેથી ફી પેટ ગયા વર્ષે પાંચ અબજ ડોલરની આવક થઈ હતી.

## નોટો બદલાવનારને આંગળી પર ચુંટણીની જેમ શાહી લગાડાવી પડશે

દેશના ચલણમાંથી રુપીયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ કરાતા નોટો બદલાવવાની દોડ ચારે બાજુએથી ચાલી રહી છે.દેશભરમાં બેન્કોની સામે કતારો નજર આવી રહી છે. સરકારને એવો ડર લાગ્યો છે કે બે નંબરી નાણાં ધરાવતા લોકો પોતાના નાણાં બદલાવી રહ્યા છે.તેથી હવે નોટો બદલવા આવનારની આંગળી પર ચુંટણીની જેમ શાહીનું ટપકુ લગાવવામાં આવશે જેથી ફરીથી તે નોટો બદલવા આવી શકે નહી.કાળા નાણાં સફેદ કરવાના પ્રયાસમાં વારંવાર બેન્કની લાઈનમાં ઊભા રહેતાલોકોને અટકાવવાનું આ પગલું લેવાયું છે.

લોકો એક કરતાં વધુ બેન્કો ઉપર જઈને પોતાના નાણાં બદલાવી રહ્યા છે.જો કે સરકારની નોટો રદ કરવાની પ્રક્રિયાને લીધે દેશભરમાં લોકો પરેશાન થઈ રહ્યા છે.પરિણામે સરકાર સામે મુંગો વિરોધ થઈ રહ્યો છે. જો કે સરકારની તરફેણ કરનારાઓ પણ આ પગલાંને કારણે ખુશ છે.ખરેખર આ પ્રકારની સરકારની રીતથી ખરેખર જે મકસદ હતો તે સિધ્ધ થશે કે કેમ તે હજુ સુધી કળાતું નથી.

સરકારી મીડીયા દ્વારા એવો દાવો કરાઈ રહ્યો છે કે દેશના ૮૨ ટકા લોકોએ મોદી સરકારની વાહવાહ કરી છે. પરંતુ એ સરકારી આંકડાઓ સામે ખરેખર વિરોધ કેટલો થયો છે તે હજુ સુધી તેમની પાલતુ મીડીયાએ જોયું લાગતું નથી.મહિલાઓના મોરચાઓએ સરકારને પાઠ ભણાવવાનો નિર્ણય કરી લીધો છે.આવનારી ચુંટણીઓ સરકારને તેમની આર્થિક સર્જીકલ સ્ટાઈકનો કેવી વાહવાહ મળે છે તેનો નિર્ણય આવી જશે.

ગરીબ,મધ્યમવર્ગીય લોકોને ખરેખર ખુબજ તકલીફોનો સામનો કરવો પડ્યો છે. હોસ્પીટલ, પ્રવાસ કે અનાજ કરિયાણા,દુધ કે શાકભાજી બધામાં તકલીફો પડી છે.ધનિકોને નોટો રદ થયાનો કોઈ ફેર પડ્યો નથી.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

વડાપ્રધાન મોદીએ કાળા નાંણા અને ભ્રષ્ટાચારના મહારોગ સામે લડવા માટે જે આર્થિક સર્જીકલ સ્ટ્રાઇક કરી છે તેના માટે તેમના આર્થિક સલાહકારો સાથે તેમણે જરુરથી ચર્ચા કરી હશે.આવનારા પરિણામો પ્રજાને પડનારી હાડમારીઓ અને ભ્રષ્ટાચારીઅને કાળા નાણાંને નાથવાના અસરકારક પગલાં બાબતે તેવોએ અભ્યાસ કર્યો હશે. પરંતુ મુશ્કેલીઓ માટે વિચાર કરીને તેનો સામનો કરવાની તૈયારી કરીએ તો પણ જ્યારે મુશ્કેલીઓ આવે ત્યારે તેની તાકાત તમને તોડી નાંખવા માટે સક્ષમ હોય છે. પરંતુ તેની સામે અડગતાથી સામનો કરીને તે વિષને ન્યુટ્રલ કરી નાંખવુ તે સમજદારી અને બહાદુરી ભર્યો સામનાથી શક્ય બને છે.

હાલમાં આપણે જોઈ રહ્યા છે કે દેશનો સામાન્ય માનવી ૫૦૦ અને ૧૦૦૦ની નોટો બદલવામાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે.દેશમાં અસંખ્ય એવા લોકો છે જેમની પાસે બેનામી મિલ્કતો અને નાણાં છે તેમાંથી કોઈ બહાર તો દેખાતો નથી.દેખાય છે તો માત્ર એવી ગૃહિણીઓ જેમણે ઘરમાં બચત કરીને રાખી હોય અને મુશ્કેલ સમયમાં તે નાણાં મદદમાં લેવાની દાનત હોય તેવી અસંખ્ય મહિલાઓ પોતાની બચતને પાણીમા જતી બચાવવા દોડી રહી છે. કેટલાક ગરીબો અને મધ્યમ વર્ગીય લોકો રોજબરોજની તેમની જરુરીયાતો માટે આ મોટી નોટોને બદલાવવા માટે ચક્કીના લોટની જેમ પિસાઈ રહ્યા છે.નીચલા વર્ગને શોષવાનું વધારે છે.

ખેર,વડાપ્રધાને લીધેલ મજબુત અને ઐતિહાસિક પગલું એ તેમની પ્રતિષ્ઠા પરનો દાવ છે.આ એક પ્રકારનો જુગાર છે.નોટો રદ કરવાને કારણે કાળા નાણાંની સમાંતર ઉભી થયેલી અર્થ વ્યવસ્થા નાથવાને કેટલી સફળતા મળશે અથવા કેટલું કાળુ નાણું બહાર આવશે તે કહી શકાય નહીં.કાળા નાણાના દુષણને નાથવાનો કોઈ કારાગત ઉપાય છે કે નહિ તે આપણને ખબર નથી.પરંતુ આ એક સાહસિક નિર્ણય છે એમાં કોઈ બેમત નથી. માત્ર તકલીફોનો ઉપાય કરીને આ કીમીયાને કારગત કરવો જ રહ્યો.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May ‘16,Sept.16
November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *


## દેશની રાજધાની દિલ્હીમાં વિક્રમજનક પ્રદુષણે ગેસ ચેમ્બર જેવું વાતાવરણ સર્જતાં નાગરિકોના સ્વાસ્થ જોખમાયા

દિલ્હી એટલે દેશની રાજધાની, જેમાં બેઠેલા શાશકોએ આખા દેશના ભવિષ્ય અને આરોગ્યની ચિંતા કરવાની હોય તેમની પરિસ્થિતિ ચિંતાજનક બની જાય તો પછી અન્યોનું શું થાય. દિલ્હીમાં વાયુ પ્રદુષણ વધી રહ્યુ છે તે માટે ડીઝલના વાહનો પર પ્રતિબંધ મુકતો હુકમ કોર્ટેએ કર્યો અને ચિંતા વ્યક્ત કરી પરંતુ શાસકોના પેટનુ પાણી હાલ્યુ નહી. પરિણામે હવે એવી ભયજનક સ્થિતિ પેદા થઈ કે જેમાં હજારો નાગરિકોના સ્વાસ્થનું જોખમ ઉભુ થયું છે.એકબીજાના માથે દોષનો ટોપલો ઓઢાઢવાની રીત રસમો હજુ પણ ચાલુ છે. કહેવાય છે કે આ પરિસ્થિતિ માટે પંજાબના ખેડુતો ઘાસ સળગાવે છે તેનો ધુમાડો દિલ્હી પર ઉતર્યો છે.કેટલાક ફટાકડા.કેટલાક ફોગ, કેટલાક વાહનોનું પ્રદુષણ,કોલસાની ભઠ્ઠીઓ,ઊધોગો વિગેરે ઉપર મારો ચલાવી રહ્યા છે. ઉકેલ શોધ્યો જડતો નથી.પરિણામે હજારો લોકોના સ્વાસ્થ બગડી રહ્યા છે.પ્રદુષણને કારણે શ્વાસને લગતી તકલીફો વધી ગઈ છે.બાળકોમાં આ સમસ્યા વધુ વકરી છે.સ્થાનિક ડોકટરો દ્વારા એન્ટી એલર્જી અને કફની દવાઓ પ્રિસ્કાઈબ કરવાનું પ્રમાણ વધ્યું છે.દવાઓની અછત ઉભી થઈ છે દિવાળી દરમિયાન ફટાકડાઓના પ્રદુષણને કારણે શ્વાસના રોગીઓની હાલત એકદમ ખરાબ બની છે.ધુમાડા અને હવાની અશુધ્ધિને કારણે માસ્ક અને એક પ્યુરીફાયરના વેચાણમાં ઝડપી વધારો થયો છે.ફાર્મા કંપનીઓ માટે વેચાણનું પ્રમાણ ખુબજ વધી ગયું હોવાથી તેમનો લક્ષાંક પાર થઈ જવાની ઘડીઓ ગણાઈ રહી છે.આવતા સમયમાં ૨૦ ટકા વધુ દર્દીઓનો વધારો થવાની શક્યતાઓ દેખાઈ રહી છે.

## NDTVનું પ્રસારણ બંધ કરવાના સરકારના નિર્ણયને એડિટર્સ ગિલ્ડે પ્રેસ સ્વાતંત્ર પરની તરાપ ગણાવી

કેન્દ્ર સરકારે એનડીટીવીનું એક દિવસનું પ્રસારણ બંધ કરવાનો આદેશ જારી કર્યો તેને એડીટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડીયાએ પ્રેસ સ્વાતંત્ર પરની તરાપ સમાન ગણાવ્યો હતો.એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડીયાએ એનડીટીવી હિન્દી ચેનલનું એક દિવસ માટે પ્રસારણ રોકવાના ઈન્ટર - મિનિસ્ટ્રીયલ કમિટીના અભુતપુર્વ નિર્ણયની આકરી ટીકા કરી હતી અને પ્રેસ સ્વાતંત્રનું પ્રત્યક્ષ ઉલ્લંઘન ગણાવ્યુ હતું.સંપાદકોના સમુહે માંગ કરી છે કે આદેશને તત્કાળ રદ કરી દેવામાં આવે. અધિકૃત સુત્રોના અનુસાર માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા રચાયેલી આ કમિટીએ નિષ્કર્ષ પર પહોચી હતી કે જાન્યુઆરીમાં પઠાણકોટ આઈએએફ બેઝ પર થયેલા આતંકવાદી હુમલાના કવરેજ સમયે એનડીટીવી ઈન્ડીયાની ચેનલે મહત્વપુર્ણ અને વ્યુહાત્મક રીતે સંવેદનશીલ વિગતોનો ખુલાસો કર્યો હતો.માહીતી અને પ્રસારણ મંત્રાલયે કહ્યુ હતું કે એનડીટીવી ઈન્ડીયાને આદેશ આપ્યો છે કે તે ૯ નવેમ્બર,૨૦૧૬ના દિવસની શરુઆતથી એટલે કે ૮ નવેમ્બર રાત્રે ૧૨,૦૧વાગ્યાથી ૧૦ નવે. ૨૦૧૬ના રોજ રાત્રે ૧૨.૦૧ સુધી પ્રસારણ અથવા પુનઃ પ્રસારણ સમગ્ર ભારતમાં દરેક પ્લેટફઊર્મ પર બંધ રાખશે.

ચેનલના પ્રસારણ પર એક દિવસના પ્રતિબંધ વિશે સરકાર સામે વિપક્ષોએ આકરી ટીપ્પણી કરી છે.દરમિયાન દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે તથા કોગ્રેસના દિગ્વિજયસિંહે સુચન આપતાં કહ્યુ હતું કે પ્રતિબંધના દિવસે તમામ ચેનલો અને અખબારોએ ક્રમશઃ પ્રસારણ અને પ્રિન્ટીંગ બંધ રાખીને વિરોધ કરવો જોઈએ.બીજી તરફ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આ નિર્ણયને કટોકટી કાળના નિર્ણય સાથે સરખાવ્યો હતો.જ્યારે કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ સરકારના આ નિર્ણયને આંચકાજનક કહ્યો હતો. એનડીટીવીની ચેનલ પર લાદેલ પ્રતિબંધની સામે દેશભરમાંથી ભારે આક્રોસ અને વિરોધ જોવા મળી રહ્યો છે.સરકારના સરમુખ્યતારશાહી વલણ તરફ લોકોનો આક્રોશ વધી રહ્યો છે.

## વિદેશોમાંથી ફંડ મેળવતી ૧૧૦૦૦થી વધુ એનજીઓની માન્યતા રદ કરાઇ

કેન્દ્ર સરકારે કોઈપણ રજીસ્ટ્રેશન વગર વિદેશમાંથી આડેધડ નાણાં મેળવતી એનજીઓ પર તેની લગામ કસવાનું ચાલુ રાખ્યું છે.તેણે જુન સુધીમાં નોંધણી રિન્યુ ન કરાવતી ૧૧૦૦૦થી વધુ એનજીઓની માન્યતા રદ કરી દીધી છે.આમ , હવે તેઓ વિદેશી ભંડોળ નહી મેળવી શકે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે જણાવ્યુ છે કે આ વર્ષના ૩૦ જુલાઈ સુધી ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન રિન્યુ કરવા માટે અરજી ન કરનાર ૧૧૩૧૯ સંગઠનોનું રજીસ્ટ્રેશન રદ કરી દેવાયું છે.સંગઠનોનું રજીસ્ટ્રેશન પહેલી નવેમ્બરે રદ થવાનું હતું.

આ યાદીમાં અનાથ આશ્રમો ચલાવતી આશરે ૫૦ જેટલી સંસ્થાઓ, સેકંડો સ્કુલો અને ઈન્ડીયન સ્ટેટિસ્ટિકલ ઈન્સ્ટિટયુટ જેવી સંસ્થાઓ અને ગલીના બાળકો માટે કામ કરતી પ્રતિષ્ઠિત એનજીઓનો સમાવેશ થાય છે.૨૦૧૫માં ગૃહમંત્રાલયે ૧૦૦૦૦ એનજીઓનું રજીસ્ટ્રેશન રદ કર્યુ હતું.આ સંસ્થાઓએ સતત ત્રણ વર્ષ સુધી તેમનું રિટન્સ ફાઈલ કર્યુ નહોતું. આમાંના મોટાભાગના સંગઠનો બંધ થઈ ગયા હતા. અથવા એફસીઆરએ રજીસ્ટ્રેશન ધરાવતાં નહોતા. ૧૯૭૬ના કાયદાને બદલે અમલમાં આવેલા ફોરિન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એકટ ૨૦૧૦માં કાયમી રજીસ્ટ્રેશનની સિસ્ટમ બંધ કરી દેવાઈ હતી.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

# વન રેન્ક પેન્સનના મામલે પુર્વ સૈનિકની આત્મહત્યાના મામલે દિલ્હીના મુખ્યમંત્રી અને કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની પોલીસે અટકાયત કરી



વન રેન્ક પેન્સાન (ઓઆરઓપી)ને લઈને દિલ્હીમાં પુર્વ સૈનિક રામકિશન ગ્રેવાલની આત્મહત્યાને મામલે રાજકીય ગરમાવો આવી ગયો હતો.જેમાં રાજકીય ઘર્ષણ ઉભુ થવા પામ્યુ હતું. આત્મહત્યાને કરનાર સૈનિકના સગાઓને આશ્વાસન આપવાના મુદ્દે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ,તેમના મંત્રી શિસોદીયા તેમજ કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને અટકાવવામા આવ્યા હતા અને તેમની અટકાયત કરવામાં આવી હતી.ત્યારબાદ રામકિશન પુર્વ સૈનિક જેમણે આત્મહત્યા કરી હતી તેનીયાદમાં જંતર-મંતર પર કેન્ડલ માર્ચમાં સામેલ થવા જઈ રહેલા કોગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને પોલીસે ફરીથી એકવાર કસ્ટડીમાં લીધા હતા.દિલ્હીમાં પોલીસ કેન્દ્ર સરકારના આદેશોનું પાલન કરે છે.પોલીસે બે દિવસમાં રાહુલને ત્રીજી વાર કસ્ટડીમાં લીધા હતા.જો કે મોડી રાત્રે તેમને મુક્ત કરી દેવાયા હતા.કોગ્રેસે આ મુદ્દે શિવસેનાએ સમર્થન આપતાં કહ્યુ હતું કે દિલ્હી પોલીસે રાહુલ ગાંધીની કરેલી અટકાયતની ઘટના શરમજનક



છે.રાહુલ ગાંધીએ એવી જીદ પકડી હતી કે સૈનિકની આત્મહત્યાના મામલે વડાપ્રધાને દેશની માંફી માંગવી જોઈએ.જો કે રામકિશન ગ્રેવાલની અંતિમ વિધિમાં રાહુલ ગાંધી અનો અરવિંદ કેજરીવાલ ઉપસ્થિત રહ્યા હતા.બો દિવસ દિલ્હીનું વાતાવરણ તંગ રહ્યુ હતું.

# સ્ત્રીનું સન્માન થાય ત્યાં દેવો પણ પ્રસન્ન થાય છે

ઈશ્વર વિશે કંઈ પણ લખવું-બોલવું અતિ અધરુ છે. એવું જ સ્ત્રી માટે પણ કહી શકાય. ‘હરિ તારા નામ છે હજાર ‘એમ ‘ નારી તારા રુપ છે હજાર ‘ એવું કહેવું હોય તો કહી શકાય. આપણે એ ભુલવું જોઈએ નહીં કે,સ્ત્રી એક માતા છે. ભલે એના અનેક રુપો હોય, પણ એનામાં રહેલા માતૃત્વને શત શત વંદન કરીને પછી જ સ્ત્રી શબ્દ વિશે વાત કરી શકાય.શુંગારશતકમ્ (૨૦)માં કહ્યું છે : મુખ ચંદ્રકાન્તિમણિ જેવું, કેશ ઈન્દ્રીય નીલમણિ સમાન અને હાથ પદ્મરાગમણિ જેવા હોવાના કારણે સ્ત્રીઓ રત્ન સ્વરુપ છે. એ રત્નનો સાચવવાની જવાબદારી પુરુષની છે. કોઈએ કહ્યુ છે : સ્ત્રીએ બ્રહ્માની ગમી જાય એવી ભુલ છે. એ ભુલ જ જગતજનની છે. મનુએ કહ્યુ છે : સુયોગ્ય પત્ની પરિવારની શોભા અને ગૃહની લક્ષ્મી છે.એનામાં શું હોય છે ? એ શું કરી શકે છે ? વાલ્મીકી રામાયણ(૩-૧૩-૬)માં કહ્યુ છે : સ્ત્રીઓ વિદ્યુતની ચપળતા, શસ્ત્રોની તીક્ષ્ણતા તથા ગરુડ એટલે કે વાયુની તીવ્ર ગતિનું અનુસરણ કરે છે.ધારે તે કરી શકવાની એનામાં ક્ષમતા છે.એ માત્ર પત્ની,દીકરી, માં, પ્રેમિકા, કે મિત્ર જ નથી, તે ઘણું બધું છે.વાલ્મીકી રામાયણ(૩-૪૫-૨૮)માં કહ્યું છે : સામાન્ય રીતે સ્ત્રીઓ વિનય વગેરે ધર્મો વિનાની,ચંચળ,કઠોર તથા ઘરમાં ઝટપટ કરનાર છે.એથી વધારે વિગત તો વાલ્મિકીએ પોતાના રામાયણમાં એના શ્લોકોમાં સ્ત્રીઓ વિશે કહ્યુ છે: સ્ત્રીઓ માટે ન ઘર, ન ચાદરનો ઘુંઘટ,ન પડદાની ચાર દિવાલો,ન ચકચકિત પડદા ન એવા પ્રકારના રાજસત્કાર જ આડ કરવાવાળા છે.સ્વજનોનો વિયોગ થવા છતાં, યુધ્ધભુમિમાં, સ્વયંવર સભા, .યજ્ઞશાળા એ લગ્નમાં લોકોની સામે ઘુંઘટ સિવાય આવવું કોઈ દોષ નથી. ઉઘાડા મોએ આવા સમયે આવવા માં કોઈ વાંધો હોઈ શકે જ નહી.તો એમાં બીજી જગ્યાએ કહ્યું છે : શું તમે તમારી સ્ત્રીઓને સંતોષ આપો છો ? શું તે તમારા દ્વારા સુરક્ષિત છે ? તમે એમના ઉપર વધારે વિશ્વાસ તો કરતા નથી કે ? તમારી ખાનગી વાત એને કહી દેતા નથી ને ?

સ્ત્રી -સ્ત્રી(સં)બૈરી(૨)પત્ની(૩) નામ પુર્વે આવતા સ્ત્રી વાચક નારી જાતિ બનાવે છે. દા.ત. સ્ત્રી કવિ,સ્ત્રી પ્રમુખ વગેરે. મનુએ કહ્યું છે : જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવો પ્રસન્ન થાય છે.આપણે સ્ત્રીનું સન્માન કરીએ છીએ એનો અર્થ એ થાય છે કે આપણે માતૃત્વને વંદીએ છીએ. સ્ત્રીએ શું કરવું જોઈએ ? ઘર્મામૃત(૧૨-૨૮)માં કહ્યું છે : કુલીન સ્ત્રીઓએ સદાય પોતાના પતિના મનને અનુકુળ વ્યવહાર કરવો જોઈએ,કારણકે પતિવ્રતા સ્ત્રીઓ ધર્મ,લક્ષ્મી,સુખ અને યશની એકમાત્ર ધ્વજા હોય છે.ઘરની ઈજ્જત, આબરુ,માન-મોભો જે કાંઈ છે તે સ્ત્રી છે.સ્ત્રી જ કુળને તારી શકે અને ડુબાડી શકે છે. જે ઘરમાં કુળવાન સ્ત્રી હોય એ ઘરમાં સદાય શાંતિ અને આનંદ હોય છે.સ્ત્રી તો કુટુંબનું નાક છે.હસતા મુખે કોઈને આવકાર આપવો, અતિથિનો સત્કાર કરીને એની સગવડ સાચવવી, ગુણવાન સ્ત્રી એ અનેક પેઢીઓ તારી શકે છે. ચાણક્યશતકમ(૯૦)માં કહ્યું છે : કિસાન માટે હંમેશા સુકાળ છે અને નિરોગી સદા સુખી છે. જેના ઘરમાં પ્રેમાળ સ્ત્રી છે એના ઘરમાં સદાય ઉત્સવ જ છે. પ્રેમ તો જગતનો શ્વાસ છે. પ્રેમાળ પત્ની એ ઘરનો દીપક છે. પ્રેમાળ સ્ત્રી તો ધુપસળી જેવી છે.જે પોતે બળીને બીજાને સુગંધ આપે છે.સ્કન્ધપુરાણ(૫૯-૨૭)માં કહ્યું છે : નિમ્ન કુળમાં જન્મેલી ભક્તિવાન સ્ત્રી જો ભક્તિમાં પુત્રની જનની હોય તો તે કુલી છે એવું હું કહુ છુ. આ બધી બાબતો જ્યારે કુળભેદ હતા ત્યારની છે.સમયના પરિવર્તનની સાથે સાથે સમાજ-જીવનમાં પણ પરિવર્તન આવતું રહે છે.પણ આપણા શાસ્ત્રો-પુરાણોમાં જે બાબતો જણાવેલી છે એને સમજવાની જરુર છે.એટલા માટે આપણે તે જોઈએ છીએ.યુગોથી સ્ત્રી એ જનેતા છે અને યુગો પછી પણ જનેતા જ રહેવાની છે. એનું માન-સન્માન એજ ભાવથી થવું જોઈએ. આપણે કહીએ છીએ કે સ્ત્રીના કારણેજ ઘર ઉજળું રહે છે.શુક્રનીતિ(૧-૧૧૪)માં કહ્યું છે : સ્ત્રીઓમાં જે આસક્તિ રાખતા નથી એમના માટે તે સુખદાયક હોય છે.કારણકે ઘરના કામમાં સ્ત્રી સિવાય બીજું કોઈ સહાયક બની શકતું નથી. ઘરની નાર જો કભારજા હોય તો એ ઘર તરફ કોણ ફરકે ?જ્યાં આવકાર ન મળતો હોય, પ્રેમથી કોઈ બોલાવનાર ન હોય , એ ઘેર કોઈ જાય ખરુ ?

આમ છતાં સ્ત્રીનું મન કોઈ કળી શકતું નથી.આપણે કહીએ છીએ કે બાળક કોનું છે એ મા સિવાય કોણ જાણે ?અગ્નિની જ્વાળાઓને વશમાં કરી શકાય છે.પવનને પણ પકડી શકાય છે. છંછેડાયેલા સાપને પણ વશમાં કરી શકાય છે.પણ કામિનીઓ(સ્ત્રીઓ)નું મન વશમાં કરી શકાતું નથી.જો કે દરેકનું મન તો ચંચળ જ છે. મનને કોઈ સિધ્ધ યોગી જ વશમાં કરી શકતા હોય છે. છતાં પુરુષના મનને વાંચી શકાય છે.એવું માનવાંઆવે છે.સ્ત્રીઓ જેની સાથે રહેતી હોય,જે ઘર વાતાવરણાં જીવતી હોય, એ પ્રમાણેજ જીવવાનો પ્રયત્ન કરતી હોય છે. ડૉ કિશોરસિંહ સોલંકી, (સૌ. સંદેશ)




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


# અસહિષ્ણુતાના દેશમાં વધી રહી છે જે આપણા માટે અભિશાપ છે : રતન તાતા

અસહિષ્ણુતાના મુદ્દે દેશમાં ભારે ઉગ્રતાથી ચર્ચાઓ ચાલી હતી.પરંતુ આ મુદ્દાને એન્કાઉન્ટર કરી દેવાયો.ત્યારબાદ એકદમ શાંતિ સ્થપાઈ. પરંતુ અસહિષ્ણુતાનો મુદ્દો ફરી એક વાર ચર્ચામાં આવી ગયો છે.દેશના મોટા ઉદ્યોગપતિ ગણાતા રતન તાતાએ દેશમાં ફરી એક વાર અસહિષ્ણુતા વધી રહી છે જે આપણા માટે અભિશાપ છે.હું માનું છું કે દરેક વ્યક્તિ જાણે છે કે આ અહિષ્ણુતા ક્યાંથી આવી રહી છે.દેશના હજારો-લાખો લોકો ઈચ્છે છે કે દેશ અસહિષ્ણુતાથી મુક્ત રહે.

ગ્વાલિયરમાં એક સમારંભને સંબોધન કરતાં રતન તાતાએ જણાવ્યું હતું કે દેશમાં પ્રેમનું વાતાવરણ ઈચ્છુ છું . અમે ઈચ્છીએ છીએ કે જનતા વિજેતા અને વિચારક બને. ચર્ચા,વિચાર અને અસહમતિ તંદુરસ્ત સમાજની ઓળખ છે.આ અગાઉ ચેન્નાઈ ખાતેના એક કાર્યક્રમમાં રતન તાતાએ જણાવ્યુ હતું કે કોણે શું કરવું તે નક્કી કરવાનીઆિઝાદી તે વ્યક્તિને હોવી જોઈએ. લોકોએ શું કરવું અને શું ના કરવું તે સરકારે કહેવું જોઈએ નહી.આમ કરવાથી વિશ્વમાં ભારતની છબી સુધરશે.

જો ભારતને વર્તમાન અને ભવિષ્યમાં ચમકવું છે તો લોકોને નિર્ણય લેવાની આઝાદી હોવી જોઈએ. સરકાર તેના પર નજર રાખી શકે છે.પરંતુ એમ કહી ના શકે કે જનતાએ શું કરવું જોઈએ.

# ચીની મીડીયાએ નોટબંધીનો મોદી સરકારનો નિર્ણય હિમંત ભર્યો અને નિર્ણાયક ગણાવ્યો

ભારતની કેન્દ્ર સરકારે રુપીયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ કરી તેને ચીની મીડીયાએ હિંમતભર્યુ અને નિર્ણાયક પગલું ગણાવ્યુ હતું.ચીની મીડીયાએ કહ્યુ હતું કે આ જોખમી પગલાં થકી પણ ભ્રષ્ટાચાર મુક્ત ભારત સંભવ નથી.ગ્લોબલ ટાઈમ્સના લેખમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અચાનક લીધેલા પગલાંની પ્રશંસા કરવામાં આવી હતી.જો કે લાખો લોકો તેને કારણે હાલાકી અનુભવી રહ્યા છે અને રોકડ મેળવવા માટે કતારોમાં ઉભા છે.

ગ્બોબલ ટાઈમ્સમાં કહેવામાં આવ્યુ છે કે ભારતની બ` ઊંચા મુલ્યની નોટને રદ કરવાનું પગલું જોખમી,પરંતુ હિંમતભર્યુ પગલું કહી શકાય.બરંતુ દેશને ભ્રષ્ટાચારમુક્ત બનાવવો હોય તો ચલણી નાણું રદ કરવાથી કાંઈક વધુ કરવું પડે.

ચીની મીડીયાનું કહેવું છે કે મોદીએ સારા હેતુસર આ નિર્ણય લીધો છે.ભારતની વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.દેશમાં ગેરકાયદે ભુગર્ભ અર્થતંત્ર રોકડ પર જ ચાલે છે.દેશમાં ચાલી રહેલા રોકડ પ્રવાહ પૈકી ૮૦ ટકા રુપીયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટમાં સમાવેશ થાય છે.તેમ છતાં ભ્રષ્ટાચારને નિર્મુળ કરવા આટલું પુરતું નથી.

જો આ નિર્ણયથી દેશના વિકાસની ગાડીને થોડી બ્રેક જરુરથી લાગશે. તેમજ વિદેશી રોકાણ કારો માટે કપરા ચઢાણ જેવું લાગશે.રાતોરાત મોટી નોટો ચલણમાંથી અદ્દ્શ્ય થઈ જતાં મોટા કારોબારો પર તેની અસરો પડશે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## નરેન્દ્ર મોદી,વડાપ્રધાન પર કોઇ ખતરો નથી કે જાનનું જોખમ નથી : શિવસેના

દેશમાં રુપીયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટોને ચલણમાંથી રદ કરવાના મુદ્દે વડાપ્રધાન મોદીએ ભાવુકતાથી કરાયેલી ટિપ્પણી વિશે મજાક કરતાં શિવસેનાએ કહ્યુ હતું કે મોટી નોટો સમાપ્ત કરવાના તેમના નિર્ણયથી તેમના જીવન પર એ રીતે જોખમ નહીં આવે જે રીતે ઈન્દીરા ગાંધી અને રાજીવ ગાંધીને દેશના મહાન લક્ષ્યો માટે સંઘર્ષ કરતાં મારી નાંખવામાં આવ્યા હતા.ગોવામાં ૧૩ નવેમ્બરે એક સમારંભમાં પોતના ભાષણમાં મોદીએ ભાવુક થઇને કહ્યુ હતું કે તેમની વિરુધ્ધ કેટલીક તાકાતો છે જે તેમને જીવવા દેવા ઇચ્છતી નથી અને નોટબધી તેમના નિર્ણય અંગે તેમને પુરેપુરા બરબાદ કરી દેવા માંગે છે.

મોદીએ કહ્યુ હતું કે તેઓ કોઈપણ પડકારનો સામનો કરવા તૈયાર છે તેમને જીવતા પણ સળગાવી દેવામાં આવે તો પણ ઝુકશે નહીં.આ અંગે શિવસેનાના મુખપત્ર સામનામાં પ્રકાશિત એક સંપાદકીયમાં લખાયું છે કે વડાપ્રધાન મોદી અભેદ્ય સુરક્ષામાં છે અને તેમને એક મચ્છર પણ કરડી શકે તેમ નથી.દેશ માટે એ અસંખ્ય સ્વતંત્રતા સેનાનીઓએ કુરબાની આપી છે. પુર્વ પીએમ ઈન્દીરા ગાંધીએ ખાલિસ્તાની રાષ્ટ્રવિરોધી તત્વો વિરુધ્ધ લડાઇ લડી હતી જેના માટે તેઓએ તેમની કુરબાની આપવી પડી હતી.જ્યારે શ્રી લંકામાં શાંતિરક્ષક દળ મોકલવાના રાજીવ ગાંધીના નિર્ણયને અંગે સવાલો ઉઠાવી શકાય પણ તેમણે તેના બદલામાં પોતાનો જીવ આપવો પડ્યો હતો.લેખમાં લખાયું હતું કે વડાપ્રધાન મોદીએ ખુદને સજા આપવી જોઇએ.

## પંજાબના પુર્વ સીએમ અને કોગ્રેસ પ્રમુખ અમરિન્દરસિંહે વડાપ્રધાનની કડક ચાની ટીપ્પણી પર આકરા પ્રહારો કર્યા

પંજાબના પુર્વ સીએમ અને હાલમાં પંજાબના કોગ્રેસ પ્રમુખ અમરિન્દરસિંહે નોટબંધીના નિર્ણયને અમાનવીય અને અણઘડ આયોજનવાળો ગણાવીને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.તેમણે કહ્યુ હતું કે આ કદમથી મોદી સરકાર પરજ ઉલટી અસર પડશે.તેમણે કહ્યુ હતું કે લોકો મરી રહ્યા છે ત્યારે તમારી કડક ચા થી તેમના ખાલી પેટમાં અલ્સર થઈ રહ્યુ છે.તેમણે વર્ષ ૨૦૧૪મી લોકસભાની ચુંટણી દરમિયાન મોદી દ્વારા શરુ કરવામાં આવેલ લોકપ્રિય ચાય પે ચર્ચા કાર્યક્રમો પર કટાક્ષ કરતાં આ વાત કહી હતી.

તેમણે કહ્યુ હતું કે નોટ રદ કરવાના પગલાંની જો તાત્કાલિક સમીક્ષા નહી કરવામાં આવે તો વડાપ્રધાન મોદી અને તેમની સરકાર પર જ તેની ઉલટી અસર પડશે.તેમણે નોટબંધીને વ્યવસ્થાની નિષ્ફળતાને ઢાંકવા માટે વડાપ્રધાન તમાસો કરે છે અને જુઠ્ઠાણાનો સહારો લે છે એમ કહીને વડાપ્રધાન પર નિશાન સાધ્યુ હતું.તેમણે કહ્યુ હતું કે મોદી જે રીતે દાવો કરી રહ્યા છે તેનાથી ઉલટુ આ પગલાંથી દેશમાં ગરીબો સૌથી વધુ પ્રભાવિત થયા છે.અમરિન્દરસિંહે કહ્યુ હતું કે પીએમ મોદીની કડક ચા જેમને ડરાવી રહી છે તેઓ ધનિક લોકો નથી પરંતુ દેશના સૌથી ગરીબ લોકો છે.

નાણાં લેવા માટે કતારોમાં ઉભા રહેલા લોકો કાળાબજારીયા કે ધનિકો નથી દેશના ગરીબો પોતાની આજીવીકાને તબદીલ કરી રહ્યા છે


### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૭૧૪૫૧૮૩૬૭


## દેશમાં કાળા નાણાંને લીધે વૈશ્વિક આર્થિક મંદીમાં ભારતને આંચકો લાગ્યો નહોતો : અખિલેશ યાદવ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે જણાવ્યુ હતું કે અર્થશાસ્ત્રીઓનો મત એવો છે કે વૈશ્વિક મંદીના સમયમાં કાળાં નાંણાને કારણે ભારતીય અર્થતંત્રને વ્યાપક અસર થઇ નહોતી.બલ્કે તેનાથી અર્થતંત્રને મદદ મળી હતી.તેમણે સ્પષ્ટ કયુ હતું કે કાળુ નાણું પેદા ન થવું જોઇએ. પરંતુ આર્થિક નિષ્ણાંતોએ કહ્યુ કે ભારતમાં બ્લેક મનીનું અર્થતંત્ર મજબુત હોવાથી વૈશ્વીક આર્થિક મંદીની તીવ્રતાનો આંચકો ભારતમાં થયો ન હતો તેમ જણાવતાં તેમણે ઉમેર્યુ હતું કે જે સરકારે પણ ગરીબને પરેશાની ઉભી કરી છે તેને લોકોએ બહારનો દરવ।જો દેખાડી દીધો છે.આ સરકારે સામાન્ય માનવીનેં દુ:ખ આપ્યું છે

નોટબંધી કરવાથી કાળા નાંણા પર અંકુશનો હેતુ સર નહી થાય તેમ જણાવતાં તેમણે ઉમેર્યુ હતું કે ભ્રષ્ટાચાર ન થવો જોઈએ તેવી લોકોને જાણ થાય તે સારી વાત છે. પરંતુ માત્ર ૧૦૦-૧૦૦૦ની ચલણી નોટો બદલીને આ સમસ્યાનો ઉકેલ લાવી શકાય નહી.૫૦૦-૧૦૦૦ની નોટ રાખનાર હવે ૨૦૦૦ની નોટોની રાહ જોઇ રહ્યો છે. અખિલેશે આ સાથે ઇશારામાં બહુજન સમાજ પાર્ટીના પ્રમુખ માયાવતીને પણ લક્ષ્માં રાખીને તેમણે કહ્યુ હતું કે નોટો રદ થવાથી સૌથી મોટી તકલીફ તો ફોઇને થઇ રહી છે.ફોઇને હજાર રુપીયાની નોટોના હાર પહેરવાનો શોખ છે.તેથી આ નોટો રદ થવાને કારણે તેમની નારાજગી જોઇ શકાય છે.ખેર નોટબંધીને કારણે સામાન્ય માણસોને પણ તકલીફ પડી રહી છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

### અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨


## જનતા સર્જીકલ સ્ટ્રાઇક કરશે તો ભારે પડશે : ઉધ્ધવ ઠાકરે

કેન્દ્રએ ૫૦૦ અને ૧૦૦૦ની કરન્સી નોટો પાછી ખેંચી લીધી તેને પગલે લોકોને થયેલી પરેશાની અંગે શિવસેનાએ કેન્દ્ર સામે પ્રહારો કર્યા હતા.શિવસેનાના પ્રમુખ ઉધ્ધવ ઠાકરેએ મોદી સરકારની ટીકા કરતાં કહ્યુ હતું કે મન કી બાત થઇ ગઇ, ધન કી બાત પણ થઇ ગઇ, હવે આમ જનતાની વાત કોણ સાંભળશે. તેમણે વડાપ્રધાન મોદી ને પડકારીને કહ્યુ હતું કે તેમણે આવી નોટોમાં પડવાને બદલે સ્વીસ બેન્કો પર સર્જીકલ સ્ટ્રાઇક કરવી જોઇએ. ઉધ્ધવ ઠાકરેએ સરકારને પ્રશ્ન કર્યો હતો કે શું સરકારના આ પગલાંથી કાળુ નાણું બહાર આવશે ખરુ?સરકારે તૈયારી કર્યા વગર જ નિર્ણય લીધો છે.લોકોએ તમારા પર વિશ્વાસ રાખ્યો છે. તેમનો વિશ્વાસઘાત ન કરો નહીંતર જનતા સર્જીકલ સ્ટ્રાઇક કરશે તો ભારે પડી જશે.દેશની જનતાને રસ્તા પર લાવી દઇને પીએમ જાપાન જતા રહ્યા છે તેમણે કાળુ નાણું લાવવા માટે સ્વીઝર્લેન્ડ જવાની જરુર હતી. ત્યાંથી કાળુ નાણું પરત લાવવું જોઇએ.

## ઇસ્લામિક રીસર્ચ ફાઉન્ડેશન(આઇ આર એફ) પર સરકારે પ્રતિબંધ મુક્યો

વિવાદાસ્પદ ઈસ્લામિક ઉપદેશક ઝાકીર નાઇકની સંસ્થા ઈસ્લામિક રિસર્ચ ફાઉન્ડેશન ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.કેન્દ્રીય કેબિનેટે આઈઆરએફ ઉપર પાંચ વર્ષનો પ્રતિબંધ મુકવાનો નિર્ણય કર્યો હતો.કેબિનેટે અનલોફુલ એક્ટિવીટીસ પ્રિવેન્શન એક્ટ(ઉપા)હેઠળ આ કાર્યવાહી કરી છે.જેને પગલે વિદેશમાં ચાલ્યા ગયેલા ઝાકીર નાઇકને મોટો ફટકો પડ્યો છે.ઉલ્લેખનીય છે કે બાંગલાદેશમાં ઢાકામાં આતંકવાદી હુમલો થયો ત્યારબાદ તેના હુમલાખોરો ઝાકીર નાઇકના ભાષણોમાંથી પ્રભાવિત થયા હોવાનું જણાવ્યુ હતું.ત્યારબાદ તેના વિરુધ્ધ મોટાપાયે તપાસ શરુ કરવામાં આવી હતી અને તેની તપાસ મુંબઇ સ્થિત આઈઆઈએફ પણ તપાસ એજન્સીઓના રડારમાં આવી હતી.ઝાકીર નાઇકના ભાષણો યુવાનોને ઉશ્કેરતા હોવાનો તેમજ સમાજમાં બે સમુદાયો વચ્ચે દ્વેષભાવ પેદા કરતાં હોવાનો આરોપ ઝાકીર નાઇક ઉપર હતો. તેમજ ઝાકીર નાઇક વિરુધ્ધ ૨૦૦૫ અને ૨૦૧૨માં નોધવામાં આવેલા ગુનાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આઇઆરએફ ઉપર પ્રતિબંધ મુકવાની ભલામણ કરી હતી.

## જનતાના હિત માટે શિવસેનાએ મમતા બેનરજી સાથે હાથ મિલાવ્યા

નોટબંધીના મામલે માતોશ્રી ખાતે મળેલી શિવસેનાના સાંસદોની બેઠક બાદ શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે જણાવ્યુ હતું કે વડાપ્રધાન મોદીને શરદ પવાર ચાલી શકે તો શિવસેનાને મમતા બેનરજી શા માટે ચાલી ના શકે ?અમે વડાપ્રધાન મોદીના નિર્ણયની વિરુધ્ધ નથી. પણ આ જનતાની આકરી પરેશાનીનો સવાલ છે. પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજી સાથે રાષ્ટ્રપતિને મળવા જવામાં હરકત શુ છે. જનતાના હિતમાં અમે મમતા સાથે જરુર જઇ શકીએ છીએ.રાષ્ટ્રપતિ સાથે યોજાનારી વિરોધપક્ષોની બેઠકમાં શિવસેના ભાગ લેશે તેવી જાહેરાત મમતાં બેનરજીએ કરતાં રાજકીય તર્કવિતર્ક શરુ થયા હતા.

શિવસેના ભાજપનો સાથી પક્ષ છે પરંતુ ભાજપની સામે ભારે આક્રોશ પણ શિવસેના દ્વારા જ વ્યક્ત થાય છે.કેટલીક બાબતોએ બેઉ પક્ષો વચ્ચે તિરાડ લાંબી થતી જાય છે.બેઉ વચ્ચેનું રાજકીય યુધ્ધ વકરે તેમ લાગે છે.


### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.